સત્યમેવ જયતે

પી ભારતી(IAS)
સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર
એસપીઓ, એસએસએ

શિક્ષણનો અધિકાર

સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત પ્રારંભિક શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રીની કચેરી,
સમગ્ર શિક્ષા, સેકટર–૧૭, ગાંધીનગર.
ફોન નં.૦૭૯–૨૩૨૪૩૧૩૩
e-mail : - spdssa@gmail.com
Toll Free No.1800-233-7965

---

પત્રક્રમાંક:એસએસએ/કયુઈસેલ/૨૦૨૦/સોશિયલ મિડીયા — તા. ૨૮/03/૨૦૨૦

પ્રતિશ્રી,

જીલ્લા પ્રોજેક્ટ કો ઓર્ડીનેટર અને
જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
જીલ્લા -તમામ
શાશનાધિકારીશ્રી - તમામ.

વિષય : પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે "Study From Home" અભિયાન અંતર્ગત "Weekly Learning Material"નું આયોજન કરવા બાબત..

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે હાલ કોરોના વાઈરસને કારણે શાળાઓમાં વિદ્યાર્થીઓને રજા આપવામાં આવેલ છે. આ સમયગાળામાં વિદ્યાર્થીઓનું શૈક્ષણિક કાર્ય બંધ છે. આ સ્થિતિને જોતા વિદ્યાથીઓના શૈક્ષણિક કાર્યને જાળવી રાખવા માટે ગુજરાત શિક્ષણ વિભાગ દ્વારા વિવિધ પ્રયાસો કરવામાં આવેલ છે. જેમ કે, સ્થાનિક ગુજરાતી ચેનલ મારફત તજજ્ઞ દ્વારા શિક્ષણ, what's app અને સોસીયલ મીડીયાના માધ્યમ દ્વારા ધોરણ ૧ થી ૧૦ ના વિદ્યાર્થીઓ માટે ઈ-બુકની સુવિધા આપવામાં આવેલ છે.

આજ પ્રયાસને આગળ વધારતા ધોરણ 3 થી 8ના વિદ્યાર્થીઓના શૈક્ષણિક કાર્યને આગળ વધારવા માટે તા. ૨૮/૦૩/૨૦૨૦થી દર શનિવારે બી આર સી/સી આર સી કો ઓર્ડીનેટર મારફત what's app/ સોસીયલ મીડિયાના માધ્યમથી એક "Study From Home" દ્વારા "Weekly Learning Material' વિદ્યાર્થીઓ માટે વાલીઓને આપવાનું આયોજન છે. જે ૪ થી ૫ શનિવાર સુધી ક્રમિક રીતે બી આર સી/સી આર સી કો ઓર્ડીનેટરને what's app/સોસીયલ મીડિયાના માધ્યમથી આપવામાં આવશે. જેમાં વિદ્યાર્થીઓ ક્રમિક શનિવાર સુધીમાં અગાઉ આપેલ કાર્ય પૂર્ણ કરશે. અને પુનઃ શનિવારના રોજ આપવામાં આવેલ સાહિત્યનું કાર્ય એક સપ્તાહમાં પૂર્ણ કરવા જોડાશે.

આ સાહિત્ય દ્વારા વાલીએ પોતાના બાળક પાસે પોતાના ઘરે રહીને અધ્યયન કરાવવાનું અને તેમાં જણાવેલ સૂચનાઓ મુજબ પ્રવૃત્તિ કાર્ય કરવાનું રહેશે. આ " Study From Home" અભિયાનને સફળ બનાવવા વિશેષ પ્રયાસ કરવા જણાવવામાં આવે છે.

આ "Study From Home" અભિયાન અંતર્ગત "Weekly Learning Material"નું બી.આર.સી./સી.આર.સી.કો. ઓર્ડીનેટર, આચાર્ય અને શિક્ષક દ્વારા સોસીયલ મીડિયા, what's app અને ફોન સંપર્કથી વાલી સાથે જોડાઈ વિદ્યાર્થીઓ અધ્યયન કરે તે માટે માર્ગદર્શન આપવાનું છે. શાળાના વિદ્યાર્થીઓ આ કોરોના વાયરસથી આવી પડેલ આફતના સમયમાં "Study From Home" દ્વારા પોતાના શૈક્ષણિક કાર્યમાં જોડાયેલા રહે તે માટે પ્રયાસ કરવા વિનંતી છે.

P. B

(પી ભારતી)

નકલ સવિનય રવાના જાણ સારું-

- માન.સચિવશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ),શિક્ષણ વિભાગ,ગાંધીનગર

નકલ રવાના :

- નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણ, પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર.
- નિયામકશ્રી, જીસીઈઆરટી, ગાંધીનગર.

Scanned by CamScanner